

## અદેખાઈ મોટી ખાઈ

વાત છે ઘોડાની. ઘોડો જંગલમાં રહે. જંગલમાં મબલક કૂણું ઘાસ. તાજું પણ ખરું. ઘોડો તાજું કૂણું ઘાસ ચરે ને ફરતો ફરે. ન કોઈ રોકે ન કોઈ ટોકે.

લાંબો સમય ઘોડાએ જંગલની મજા માણી.

પણ એક દહાડે ખરી મુશ્કેલી આવી. એક હરણ ફરતું ફરતું આ જંગલમાં આવી ગયું. ટોળાથી એ છૂટું પડી ભૂલું પડયું હતું.

પણ હરણને અહીં કોઈનો ભય ન લાગ્યો. તાજું કૂણું ઘાસ ચરવાની મજા પડી.

ઘોડાને હરણની અદેખાઈ થઈ : આ હરણ મારામાં ભાગ પડાવે છે. અહીંથી એની મૂળ જગ્યાએ એના ટોળા ભેગું જવાનું નામ લેતું નથી.

ઘોડો ચિંતામાં પડયો : કોઈ ઉપાય શોધવો જોઈએ.

એવામાં એક માણસ એને ભેટી ગયો. માણસ ગામથી બહાર જંગલમાં આવ્યો હતો. ફરતો ફરતો તે ઘોડો ચરતો હતો ત્યાં આવી ચડયો.

પહેલા તો ઘોડાને થયું : આ માણસ પણ હરણની પેઠે અહીં અડંગા લગાવશે કે શું !

માણસે કહ્યું, ‘ના ભાઈ ! હું અહીં રહેવાનો નથી. મારે તો રહેવા મજાનું ઘર છે ને ખાવા ભરપૂર ધાન છે. પણ તમને મારા માટે હું અહીં રહી જઈશ, એવો વિચાર  કેમ આવ્યો ?’

ઘોડાએ હરણની વાત કહી : ‘એ અહીં આવ્યું છે તે જવાનું નામ લેતું નથી. મારે કાઢવું છે પણ જતું નથી.’

માણસને ઘોડો ગમી ગયો હતો. એ એના ઉપર કબજો જમાવવા માગતો હતો. પણ  એ ઉતાવળ કરવા માગતો નહોતો, ચતુરાઈથી કામ લેવા માગતો હતો.

હરણની વાત આવી એટલે માણસે કહ્યું, ‘ઘોડાભાઈ ! કહેતા હો તો હરણને હું તગડી મૂકું. મારા માટે એ સાવ સહેલું કામ છે.’

ઘોડો ખુશ થતો બોલ્યો, ‘તો તો તમારો ઉપકાર હું કયારેય નહિ ભૂલું. ગમે તે કરો પણ આ હરણને ભગાડી આપો.’

માણસ કહે, ‘પણ તમારે થોડી મદદ કરવી પડશે.’

ઘોડો કહે,‘હરણ જતું હોય તો માંગો તે મદદ આપવા તૈયાર છું.’

માણસે એક જીન, એક લગામ અને એક ચાબુક તૈયાર કરી ઘોડાને કહ્યું, ‘હવે બધી તૈયારી થઈ ગઈ છે. આ જીન તમારા ઉપર બાંધું છું, આ લગામ તમારા મોંમાં તમારે લેવી પડશે.’

ચાબુક માણસે હાથમાં લીધો હતો. ઘોડાએ માણસે કહ્યું તે બધું કરવા દીધું.

માણસે કસીને ઘોડાને જીન બાંધ્યું અને એના મોંમાં કાંટાવાળી લગામ પહેરાવી. ઘોડાએ એ સહન કર્યું.

માણસ ચાબુક લઈ ઘોડાની પીઠ પર બેસી ગયો. પછી એણે હરણની પાછળ ઘોડાને દોડાવ્યો. ઝડપ કરાવવા બે ચાર ચાબુક પણ ફટકાર્યા.

હરણની પાછળ પડી માણસે એને પૂરું કર્યું.

ઘોડો રાજી થયો.

પણ પછી જંગલમાંથી ઘરે જવાનું માણસ તો નામ જ ન લે.

એક દિવસ ઘોડાએ કહ્યું, ‘હવે હરણ મર્યું છે માટે તમે જંગલ છોડી તમારે ગામ જાઓ.’

ખંધું હસીને માણસ કહે, ‘કેવા નગુણા છો તમે ઘોડાભાઈ ! સાવ સ્વાર્થી ન બનો. હજુ તો મારે તમને સવારી માટે તૈયાર કરવાના છે. પછી સરકસમાં ખેલ કરાવવા કેટલીક રમતો શિખવાડવી છે. તમે ફિકર ન કરશો : તમારી પૂરી દેખભાળ કરીશ. તમને રહેવા તબેલો બાંધી આપીશ. તમને ખાવા મોં આગળ તોબરા બાંધી આપીશ. હા, એટલું ખરું કે તમારે આ જંગલ છોડી મારી સાથે માણસો વચ્ચે રહેવા આવવું પડશે.’

ઘોડો શું કરે ? એને કાયમ માટે માણસનું બંધન સ્વીકારી જંગલ છોડી માનવ–વસાહતમાં આવવું પડયું.

લેખક : રતિલાલ સાં નાયક